## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

મંજિલ ખરાબ છે ન તો રસ્તા ખરાબ છે,
એના વિશેની મારી અપેક્ષા ખરાબ છે.
ચૂલાને પૂછ તો ખરો ઉત્તર મળી શકે,
દીવાસળી તો કહેશે કે તણખા ખરાબ છે.
જે લાગણીને મારી અને સંત થઈ ગયા,
તેઓ કહે છે એમ કે હિંસા ખરાબ છે.
બંનેથી પર છું એવું ન સમજી શક્યું કોઈ,
લોકો જુએ છે : સારો છે અથવા ખરાબ છે.

- વિકી ત્રિવેદી

### પાથેય

- રમેશ ઠક્કર

## હાથવગું સત્ય...

કોઈપણ બાબતે અભિપ્રાય આપવા આપણી પાસે જાણે બે જ વિકલ્પ હોય છે..એ જ ચીજ કે એક જ ઘટનાના અલગઅલગ આયામો હોઈ શકે એ માનવા આપણે તૈયાર હોતા નથી..હું સારો તું ખરાબ.કોઈ નાનો તો કોઈ મોટો..કયાંક સુખ તો કયાંક દુઃખ..ચડતી કે પડતી..આગળ કે પાછળ..આમ એક સિક્કાની બે બાજુઓમાં જ આપણી વૈચારિક શકિત સમાઈ જાય છે..સિક્કાની અન્ય બાજુઓ ભલે નાની હોય એનું પણ મહત્ત્વ હોય છે એ સમજાતું નથી..આપણે ચાલવાનું શરૂ કરીએ એટલે જે રસ્તો મળે એના વિશેની એક પૂર્વ ધારણા આપણા મનમાં ફિટ થયેલી હોય છે..રસ્તો સરળ હશે અથવા તો એ વિકટ હશે એમ બે અંતિમો થકી જ આપણે ચાલવાનું શરૂ કરીએ છીએ...હકિકતમાં રસ્તો સારો કે ખરાબ હોતો જ નથી એના માટે આપણી માન્યતાઓ જ જવાબદાર હોય છે ! આપણી અપેક્ષા ખરાબ હોય અભિગમ પરિપકવ ના હોય તો રસ્તાનો સાચો વૈભવ આપણે પ્રાપ્ત કરી શકતા નથી...

વાતવાતમાં કોઈપણ બાબતે કોઈ ચોક્કસ વ્યકિતને કારણભૂત ગણે લેવાનું સહજ હોય છે.એમાં આપણે ક્યારેય ઉંડા ઉતરતા હોતા નથી..એવું કહેવાય છે કે જે નજર સમક્ષ સીધેસીધું દેખાય છે એવું સરસ જગત વાસ્તવમાં હોતું નથી..દરેક સ્થુળ ઘટનાની પાછો કોઈક સૂક્ષ્મ તત્વ પણ જીવંત રહેલું હોય છે..એ સંચારને અનુભવવો એ પણ જેવું તેવું કામ નથી..ચૂલો એ ચેતનાનું પ્રતિક છે...દીવાસળી થકી એ પ્રજ્વલિત થાય છે..તણખો એ માધ્યમ છે..ચૂલો ના પ્રગટે ત્યારે આપણે તણખો પ્રગટાવનાર દિવાસળીનો વાંક કાઢતા રહીએ છીએ..આ બાબતે આપણે ચૂલાની ક્ષમતા વિશે જાણવાની તાલાવેલી રાખતા નથી..કવિતાની આ મજા છે.જે સત્ય હાથવગું હોય એ પણ ના જોઈ શકવાની આપણી અસમર્થતાને એ એકાદ બે લીટીમાં ઉપલબ્ધ કરાવી આપે છે.

જગત હિંસા અને અહિંસા બાબતે પણ આવાં ચીલાચાલુ બીબાં થકી જ નિર્ણયો કરે છે..આપણે મારધાડ કે ખૂન ખરાબા કે અત્યાચારના દેખીતી ઘટનાઓ ને જ હિંસા માનતા રહીએ છીએ.આપણા વિચારો કે આપણું વર્તન કે આપણી જડ માન્યતાઓ થકી જે લોકો ઘાયલ છે એનાં કોઈ દેખીતા પુરાવા હોતા નથી એટલે આપણે એને હિંસા માનતા નથી..મન ને મારી ને કે દેહદમન કર્યા પછી બાહય જગતની હિંસા વિષે વાત કરવી એમાં પણ નર્યો વિરોધાભાસ હોય છે..! આવું જયારે સમજાય છે ત્યારે જ સાચું સત્ય ઉજાગર થતું હોય છે..જીવન જવાતું રહે છે પણ જીવન ઉલ્લાસ એક શોધ બનીને રહી જાય છે..આપણી આંખો મોટાભાગે સપાટી ઉપરનું જ જોતી રહે છે..ભીતરનો સળવળાટ આપણને ઝંકૃત કરતો નથી આ પણ એક વિડંબના છે..

આપણી અંદરની યાત્રા સતત ચાલતી રહે અને એક યોગ્ય મુકામ સુધી પહોંચી જાય તો પણ દુનિયાનાં કાટલાં એનાં એ જ રહે છે..આપણે ભલે સુખ દુઃખ કે ચડતી પડતી થી ઉપર રહી શકતા હોઈએ પણ જગત તો આપણને સારા કે ખરાબ એમ પ્રચલિત માપદંડો થકી જ માપતું રહે છે..કવિની સંવેદના આ વિચારને અદ્ભુત રીતે વ્યક્ત કરે છે..

# રાજકારણના અધઃપતનની પણ કોઈ લિમિટ હોવી ઘટે

**તંત્રીસ્થાનેથી...**

રાજકારણનું અધઃપતન કયાં જઈને અટકશે તે કળવું અઘરું બની ગયું છે. ગુજરાતમાંથી છેલ્લા વર્ષો દરમિયાન સરદાર વલ્લભભાઈ પટેલ અને મોરારજી દેસાઈ જેવું રાષ્ટ્રીય કાઠું ભલે માત્ર નરેન્દ્ર મોદી કાઢી શક્યા હોય પણ અહમદ પટેલનું નામ પણ લોકશાહીના ઈતિહાસમાં થોડાં પાનાં તો જરૂર રોકશે. અંકલેશ્વરના પરા જેવા પીરામણના આ મુસ્લિમ યુવાને રાજીવ ગાંધી અને સોનિયા ગાંધીના શાસનકાળમાં ખાસ્સું કાઠું કાઢ્યું હતું. જ્ઞાતિ ગણિતનાં સમીકરણ ગોઠવીને ભારતીય જનતા પાર્ટીએ લોકસભામાંથી એમને એકડો કાઢી નાખ્યો હતો અને વર્ષોથી ભરૂચની એમની બેઠક બિન અનામત હોવા છતાં આદિવાસી ઉમેદવારો ચંદુ દેશમુખ કે મનસુખ વસાવાના ફાળે જતી રહી હતી છતાં એમને કોંગ્રેસ હાઈકમાન્ડ સાથે એવો ઘરોબો કેળવ્યો હતો કે જીવ્યાં ત્યાં સુધી રાજયસભાના સદસ્ય રહ્યા બલકે ગુજરાત કોંગ્રેસના લોકપ્રિય નેતાઓ જેવા કે માધવસિંહ સોલંકી, અમરસિંહ ચૌધરી અને શંકરસિંહ વાઘેલાને હાંસિયે ધકેલી શિરમોર બની રહ્યા. એમણે રાજીવ ગાંધીના મંત્રીમંડળમાં થોડા વખત પૂરતું સંસદીય સચિવ પદ સંભાળ્યું ખરું -પરંતુ એમને નેપથ્યમાં રહી કામ કરવામાં રસ હતો એટલે ગુજરાતના મુખ્યમંત્રી કે કેન્દ્ર સરકારના કૅબિનેટ મંત્રી બનવાની ઓફરો ટાળીને સંગઠનમાં જ કામ કરતા રહ્યા. કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર તરીકેની ભૂમિકામાં એ લગભગ પડદા પાછળના વડાપ્રધાન જ બની ગયા હતા. ડૉ. મનમોહનસિંહ કે પ્રણવ મુખર્જી જેવા વરિષ્ઠોની ફાઈલો સોનિયા ગાંધી પહેલાં અહમદ પટેલ પાસે જતી હોવાનું કહેવાય છે. સલાહ ત્યારે જ આપી શકે ને ? આવા શક્તિશાળી 'ચાણક્ય' પાછા નરેન્દ્ર મોદીના રાજકારણને પડદા પાછળ રહી આગળ ધપાવવામાં પણ મદદરુપ થતા રહ્યા હોવાનો આક્ષેપ થતો રહ્યો છે. તેઓ ગુજરાત કોંગ્રેસનો કોઈ બીજો નેતા શક્તિશાળી બનીને ઊપસી આવે એવું નહોતા ઈચ્છતા નહીંતર શંકરસિંહ વાઘેલાને કોંગ્રેસ છોડવાની ફરજ ન જ પડી હોત. આ બધું 'બિટવિન ધિ લાઈન્સ' રાજકીય સમીક્ષકો વાંચતા અને સમજતા રહ્યા છે. પણ અહમદ પટેલનું સૌથી ઉદાત્ત પાસું ગુજરાત જયારે પણ દુષ્કાળ કે અન્ય કોઈ મુસીબતમાં ફસાયું હોય ત્યારે તાબડતોબ દોડી આવીને રાહતકાર્યોમાં મદદરુપ થનારા નેતા તરીકેનું રહ્યું છે. દુષ્કાળ વખતે પશુઓ માટેના ઘાસચારાની વ્યવસ્થાથી લઈ પીવાનું પાણી છેક અંતરિયાળ વિસ્તારો સુધી પહોંચાડવામાં એમનો નોંધપાત્ર ફાળો રહ્યો છે. મોરારિ બાપુ અને કેરળના રાજયપાલ કે જેમણે શાહબાનો મુદ્દે મંત્રીપદેથી રાજીનામું આપેલું તે આરીફ મોહંમદ ખાન અને જાણિતા વિચારપુરુષ ગુણવંત શાહ સાથે એક મંચ પર વારંવાર દેખાતા રહેલા ગૌપ્રેમી અહમદ પટેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રીપદે હતા ત્યારે એમને ગોધરાકાંડ પછીના નરસંહારમાં દોષિત ઠેરવવા તીસ્તા સેતલવાડને સોનિયા ગાંધી પાસેથી લાખોની લહાણી કરે - એ વાત જટ ગળે ઊતરે એવી નથી. જો કે જયારે એ મુદ્દો અદાલત સમક્ષ સોગંધનામા સ્વરુપે રજૂ થયો છે ત્યારે એની ચર્ચા હવે અદાલતના સ્તરે જ થાય તે ઈષ્ટ લેખાશે. એક આશાસ્પદ ગુજરાતી નેતાને અવસાન પછી બદનામ થતા જોવાનું તો કદાચ નરેન્દ્ર મોદીને પણ નહીં જ ગમ્યું હોય.

# લોકોમાં પ્રાકૃતિક ભોજન તરફનો પ્રેમ વધતો જાય છે




'તમે રસ્તામાં હવે કાંઈ નાસ્તો કરતા નહીં, બપોરે બે - ત્રણ વાગે વાંસદા પહોંચશો, ત્યાં એક સરસ ઓર્ગેનીક રેસ્ટોરન્ટ શરૂ થઈ છે, તમે ત્યાં જમજો, તમને જે તે પ્રદેશનું અસ્સલ સ્વાદનું ભોજન ગમે છે, તો અહીં ડાંગનું ભોજન મળશે.'

આ શબ્દો વલસાડમાં હિંમતદાદાના ઘરે હેવી લન્ચ જમાડ્યા પછી અમને એમના પુત્ર અને દોસ્ત નીલેશે કહ્યા.... સહજતાથી પુછાઈ ગયું કે 'તમે જમી આવ્યા છો ? તો કહે ના અમે નથી ગયા, પણ જેઓ ગયા છે તેમને ગમ્યું છે....'

વાસ્તવમાં અમે જયારે ત્યાં વરસતા વરસાદમાં પહોંચ્યા અને જમ્યા ત્યારે એવો જ અનુભવ થયો, ભોજન, સ્વચ્છતા, આતિથ્ય, બધું જ ગમ્યું....

એ જગ્યાનું નામ છે ડાંગી રેસ્ટોરન્ટ... ડાંગનાં ઉંબરે વાંસદા પાસે મોટી ભમતી ગામે વાંસદા વધઈ રોડ પર આ રેસ્ટોરન્ટ આવેલી છે. અહીં પ્રાકૃતિક વાતાવરણમાં પ્રવેશતા જ એક અલગ અને આનંદદાયક અનુભૂતિ થઈ... અનરાધાર વરસી રહેલા વરસાદમાં અમે વાંસ લાકડામાંથી નિર્મિત એ કુટિરોમાં પ્રવેશ્યા.... રસોઈ સંભાળતી ડાંગની બહેનોએ સ્વાગત કર્યું... અને ડાંગના પ્રાકૃતિક પોષણ તત્ત્વો ધરાવતા ધાન, શાક તથા મસાલામાંથી બનેલા ભોજન એક પછી એક પીરસાતા ગયા. ચુલા ઉપર નજર સામે જ રંધાતી રસોઈની સોડમ ભોજન માટે આકર્ષિત કરતી હતી, સ્વચ્છતા અને શુદ્ધતા ઊડીને આંખે વળગે એવી છે.

લાલ કડાનો સૂપ તો એવો સ્વાદિષ્ટ કે કોઈ મસાલા કે ચટણી નાખ્યા વિના મારી દીકરીની દીકરી અનન્યા, જે દસ વર્ષની જ છે એણે પણ મનભરીને પીધો. આ ઉપરાંત નાગલીનો ચોખાનો રોટલો ને રોટલી, પાપડ, ને બીજી બધી વસ્તુઓ જમતા હોઈએ ને બહાર શ્રીકાર વરસાદ આવતો હોય ત્યારે અદ્ભૂત આનંદની અનુભૂતિ થાય જ. વાજબી કિંમતે પ્રાકૃતિક વાતાવરણમાં તે વિસ્તારનું પ્રાકૃતિક ભોજન જમવાનો સાચ્ચે જ લ્હાવો મળ્યો ને ગમતાનો કરીએ ગુલાલ એ ન્યાયે પાંચ મિત્રોએ આ સ્થળની વાત પણ કરી.

ઉલ્લેખનીય છે કે રાજય સરકારે ડાંગ જિલ્લાને પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો જાહેર કર્યો છે અને હવે સ્થાનિક અને પ્રવાસી એમ બંને લોકોમાં પ્રાકૃતિક ભોજન તરફનો પ્રેમ વધતો જાય છે.

મોટી ભમતી ગામના શ્રી ધર્મેશ ભિવસેન અને તેમના સ્થાનિક મિત્રો છેલ્લા પાંચ-સાત વર્ષથી પ્રાકૃતિક ખેતી સાથે જોડાયેલા છે. એમને વિચાર આવ્યો કે ખેડૂતોના જૂથ બનાવીને પ્રાકૃતિક ખેતી તો કરીએ જ છીએ, હવે તેનું મૂલ્યવર્ધિત ઉત્પાદન કરીએ, બ્રાન્ડીંગ કરીએ અને ડાંગ - વાંસદાના મુળ કલ્ચરને ભોજન સ્વરુપે લોકો સુધી પહોંચાડીએ. આમ આરંભ થયો ડાંગી રેસ્ટોરન્ટનો. ડાંગના સુબીર, આહવા અને વધઈ તાલુકા ઉપરાંત પડોસી જિલ્લાઓનાં વાંસદા - ધરમપુર - કપરાડા વગેરેમાં પ્રાકૃતિક ખેતી ખુબ થાય છે. અહીંના ધાન અને શાકભાજી તથા મસાલાને ઓરીજીનલ સ્વરુપમાં રાખીને પીરસાતા થયા ને લોકોને સ્વાદિષ્ટ ભોજન ગમવા માડ્યું.

ગામઠી લીંપણની ઝૂંડપીઓ, ખાટલા, હીંચકા, અનાજ દળવાની ઘંટીને અનાજ ખાંડવાની દળી સમગ્ર વાતાવરણને મનમોહક લૂક આપે છે. એમાં વધારો કરે છે આદિવાસી સંસ્કૃતિનું નાનકડું મ્યુઝિયમ. અને પ્રાકૃતિક પેદાશોનું વેચાણ- પ્રદર્શન કરતં આઉટલેટ.

ધર્મેશભાઈ કહે છે કે અહીં ૩૩ વ્યક્તિઓને રોજગારી મળે છે એમાં ૩૦ તો બહેનો છે. આમ સ્થાનિક યુવક-યુવતીઓને રોજગારી પણ પ્રાપ્ત થઈ રહી છે. આવનારા દિવસોમાં ખેતીના વિવિધ ઉત્પાદનો, મસાલાના વાવેતર સાથે તેઓ પ્રાકૃતિક ખેતીના ક્ષેત્રે વધુ વૈવિધ્ય સાધવા તરફ જઈ રહ્યા છે.

જે જે પ્રદેશમાં જઈએ તે તે પ્રદેશમાં આપણે જેવું ખાતા હોઈએ એવો પ્રાકૃતિક ખોરાક મળે અને સોડમથી ભરેલું, પેટમાં ભારે પડે નહીં અને છતાંયે મનભરીને માણી શકીએ એવું મસ્ત પ્રાકૃતિક અને શુદ્ધ ભોજન આપણને જે તે સ્થળની ભોજનશૈલીનો અનુભવ કરાવે છે. ભોજનનો સ્વાદ તો મળે જ છે. પરંતુ સાથે સાથે પ્રાકૃતિક જીવનના અજવાળા પણ રેલાય છે.

### દિન મહિમા

● બેંક રાષ્ટ્રીયકરણ દિવસ

### આજનું ઔષધ

● આમળાંનું ચૂર્ણ ફાકવાથી ડાયાબિટીસમાં રાહત થાય છે.

### ખડખડાટ

● ટીચર : દિવાળીમાં તમે શું સિખ્યા ??
ભૂરો : સળગાવીને ભાગી જવાનું...

### આજનું વોટ્સએપ

● હાર પણ તો જીતનું જ અંગ છે, કોણ જીત્યું છે હાર્યા વગર....

# દેખા હુઆ સા કુછ હૈ, તો સોચા હુઆ સા કુછ, હર વક્ત મેરે સાથ હૈ, ઉલઝા હુઆ સા કુછ




જિંદગી છે તો સવાલો છે. સવાલો છે તો જવાબો છે. સવાલ વગર જવાબનું કોઈ મહત્ત્વ નથી. દુનિયામાં જે કંઈ છે એ કોઈના મનમાં ઉઠેલા સવાલોના જવાબો છે. જ્યાં સવાલ છે ત્યાં શક્યતા છે. આપણે કહેતા અને સાંભળતા આવ્યા છીએ કે દરેક સમસ્યાનો ઉકેલ હોય છે,આપણને બસ એ શોધતા આવડવું જોઈએ. ઉકેલની ત્યારે જ જરૂર પડે છે જ્યારે સમસ્યા કે સવાલ સર્જાય છે. એટલે જ સવાલોથી કે સમસ્યાઓથી ગભરાવા જેવું નથી. રસ્તો ન મળે ત્યારે જ માણસ રસ્તો શોધવાનો કે રસ્તો બનાવવાનો પ્રયાસ કરે છે. રસ્તો હોય તો પછી તેની શોધ કે તેના નિર્માણનો વિચાર જ નથી આવતો.

દરેક માણસમાં અજબ અને અઢળક શક્યતાઓ પડેલી હોય છે. સવાલ જ આ શક્યતાને સફળતામાં પલટાવે છે. જેને બધું તૈયાર મળી જાય છે એને નસીબદાર ગણવો કે બદ્નસીબ એ સૌથી મોટો સવાલ છે. જેની પાસે બધું જ છે એણે કંઈ કરવું પડતું નથી એટલે જ તેની બુદ્ધિનો વિકાસ થવો જોઈએ એટલો થતો નથી. 'દીવા પાછળ અંધારું' એ એમ ને એમ નહીં થતું હોય! તમને ખબર છે કે તમારામાં કેટલું બધું પડેલું છે? તમે એનો ઉપયોગ ક્યારે કરો છો? તમને જરૂર પડે ત્યારે! જરૂર ન પડે તો તમારામાં જે છે એ એમ ને એમ પડયું રહે છે. કાટ ખાઈ જાય છે. કોહવાઈ જાય છે. કાટ એને જ લાગે છે જેનો ઉપયોગ નથી થતો. ઉપયોગ થાય છે એ ચકચકિત જ હોય છે. મન, મગજ અને જિંદગીનું પણ એવું જ છે. તમે જેટલું એક્ટિવ રાખશો એટલું એક્ટિવ રહેશે.

એક ડાહ્યો માણસ હતો. ગામમાં કોઈને કંઈ માર્ગદર્શન જોઈતું હોય તો લોકો તેની પાસે જાય. એક વખત એક બાળકે તેમને પૂછ્યું, "દાદા તમારી પાસે દરેક મુશ્કેલીનો ઉકેલ કેમ મળે છે? તમારામાં આટલી સમજ ક્યાંથી આવી?" પેલા માણસે કહ્યું કે "દીકરા, મેં જિંદગીમાં બહુ ઠોકરો ખાધી છે. જિંદગીએ મને ઘણા બધા સવાલો આપ્યા હતા. હું એક પછી એક જવાબ મેળવતો ગયો અને મને ખબર જ ન પડી કે મારામાં આટલી સમજ કેવી રીતે આવી ગઈ!" જ્ઞાની માણસ એટલે જેણે વધુમાં વધુ સવાલોના સાચા જવાબ મેળવ્યા છે. એ ડાહ્યા માણસે પછી બાળકને એક સલાહ આપી કે, "દીકરા નાના-નાના પથ્થરોનું ધ્યાન રાખજે. ઠોકર ક્યારેય પર્વતથી નથી લાગતી, નાના પથ્થરથી જ ઠોકર વાગે છે. ઠોકર વાગે તોપણ ડરતો નહીં કારણ કે ઠોકર વાગશે તો જ તું તારા રસ્તે ચડેલા એ પથ્થરને ઉપાડીને બાજુમાં ફેંકી દઈશ. ઠોકરો તો આપણી જિંદગીનો રસ્તો સાફ કરતી હોય છે."

સમાજમાં દરેક પ્રકારના માણસો હોય છે. સારા કામ માટે પણ માણસો મળી જાય છે અને ખરાબ કામ માટે પણ માણસો અવેલેબલ હોય છે. યજ્ઞો કરવા માટે સજ્જનો પણ મળી જાય છે અને ખૂન કરવા કોન્ટ્રાક્ટ કિલર પણ મળી જાય છે. એક ગુનેગાર માણસ સંત પાસે ગયો. તેણે કહ્યું કે "તમે કહો છો કે જિંદગીના તમામ સવાલો શોધો તો જવાબો મળી જાય છે, તો પછી હું કેમ ગુનેગાર થઈ ગયો?" સંતે જવાબ આપ્યો કે "જવાબ તો તેં પણ શોધ્યો છે પણ તેં ખોટો જવાબ પસંદ કર્યો છે. જવાબ મેળવ્યા પછી પણ એ ખરાઈ કરવાની હોય છે કે જવાબ સાચો છે કે ખોટો? ખોટા જવાબના માર્ક્સ નથી મળતા. જિંદગીના ખોટા જવાબોનો તો હિસાબ પણ ચૂકવવો પડતો હોય છે અને સજા પણ ભોગવવી પડતી હોય છે. તારો જવાબ સુધારી લે તને પણ પૂરા માર્ક્સ મળશે."

ઘર પણ એક મુકામ છે અને જેલ પણ એક મુકામ જ છે. માણસ અંતે તો તેના મુકામ સુધી જ પહોંચતો હોય છે. બધી જ જેલ સરકારોએ બનાવેલી હોતી નથી. અમુક જેલ તો માણસ પોતે સર્જે છે. કેટલાં બધાં ઘર જેલ જેવાં હોય છે? જે ચાર દીવાલો વચ્ચે ગૂંગળામણ થાય એ જેલ જ હોય છે, ઘર તો માત્ર આપણે કહેતા હોઈએ છીએ! શહેરોમાં આવી 'જેલો'ની સંખ્યા વધતી જાય છે. આપણે આપણી માનસિકતાના બંધનમાં એવા જકડાઈ ગયા હોઈએ છીએ કે આપણને મુક્તિનો અહેસાસ જ થતો નથી. અમુક બંધનોથી તો આપણે એવા ટેવાઈ જઈએ છીએ કે આપણને ખબર પણ નથી હોતી કે આ બંધન છે.

જિંદગી એક નાનકડા કોચલામાં બંધાઈ જાય છે. આપણે કોચલાને જ સુરક્ષિત માની લઈએ છીએ. જિંદગીને સવાલ કરો અને જિંદગી પાસે જવાબ માગો કે હું કરું છું એ બરાબર છે? હું ડરતો તો નથી ને? હું મુક્ત તો છુંને? કયો ભય મને સતાવે છે? જિંદગી કેમ આટલી બધી અઘરી લાગે છે? આપણી મુક્તિનો માર્ગ આપણે જ શોધી શકીએ, કારણ કે આપણા બંધનની માત્ર આપણને જ ખબર હોય છે. દુનિયામાં સુખી દેખાતા કેટલાં લોકો ખરેખર સુખી હોય છે? ઘણાં લોકો આપણને પહેલી નજરે દુઃખી દેખાતા હોય છે પણ એ દુઃખી હોતા નથી.

એક અમીર માણસ હતો. દોમ દોમ સાહ્યબીમાં એ ઉછર્યો હતો. તેને ત્યાં મજૂરી, પટાવાળા અને ચોકીદારી કરતાં લોકોને જોઈને એને થતું કે આ બિચારા લોકોની જિંદગી કેટલી ખરાબ છે? કેટલા બધા અભાવમાં એ બધા જીવે છે. એક દિવસ તેણે પોતાના પટાવાળાને પૂછ્યું કે "તું સુખી છે?" પટાવાળો આખાબોલો હતો. તેણે ચોખ્ખેચોખ્ખું સંભળાવી દીધું કે, "હું તમારા કરતાં વધુ સુખી અને ખુશ છું!" અમીર માણસે પૂછ્યું કે, "કેવી રીતે?" પટાવાળાએ કહ્યું કે, "હું સાંજે ઘરે જાઉં પછી પરિવાર સાથે મજા જ કરું છું. અમારા ઘરની નજીક એક બગીચો છે. છોકરાંવને ત્યાં લઈ જાઉં છું. એ લોકો હીંચકા ખાય છે, લસરપટ્ટી રમે છે અને ખડખડાટ હસે છે, ત્યારે મને લાગે છે કે હું તમારાથી વધુ સુખી છું. તમારે તો ઘરમાં જ બગીચો છે. આ બગીચામાં કોઈ રમતું નથી. તમારી પાસે સમય જ ક્યાં છે? છોકરાંવ મોબાઈલ અને વીડિયો ગેઈમમાં પડયાં હોય છે અને તમે તમારા હિસાબકિતાબમાં. તમારા સંબંધો પણ દર તહેવારે કામ હોય એવા લોકોની યાદી બનાવી તેના ઘરે મીઠાઈ મોકલી દેવા પૂરતા મર્યાદિત છે. અમે ઘરે અમારી ત્રેવડ મુજબ મીઠાઈ બનાવીએ છીએ, ખાઈએ છીએ અને ખવડાવીએ છીએ. ઘરમાં કંઈ બને તો પાડોશમાં આપીએ છીએ અને પાડોશી પણ કોઈ વાનગી બનાવે તો આપી જાય છે. તમને તો બાજુમાં કોણ રહે છે એની પણ ખબર નથી!" આ વાત સાંભળીને અમીર માણસને સમજાયું કે પટાવાળા વિશેના સવાલોના જે જવાબો તેની પાસે હતા એ તો ખોટા હતા. સાચા જવાબો તો એ કહે છે એ જ છે. મને તો હવે એવું લાગે છે કે મેં પણ જે જવાબો મેળવ્યા છે એ સાચા છે કે કેમ?


જિંદગી જીવવાની મજા આવવી જોઈએ અને ન આવતી હોય તો માનજો કે તમારો કોઈ જવાબ ખોટો છે. સવાલો ક્યારેય ખોટા નથી હોતા, જવાબ જ સાચા કે ખોટા હોય છે. જિંદગીમાં જે છે એને ફીલ કરી શકતા હોય તો તમે સુખી છો. જિંદગીની સફરમાં નક્કી કરેલા માઈલસ્ટોન પર નજર નાખતાં રહેવું જોઈએ અને ચેક કરતાં રહેવું જોઈએ કે હું સુખ અને શાંતિના માર્ગે જ છુંને? આ સવાલનો સાચો જવાબ મેળવી લેજો અને ખોટો હોય તો જવાબ સુધારી લેજો.

**દેખા હુઆ સા કુછ હૈ, તો સોચા હુઆ સા કુછ,**
**હર વક્ત મેરે સાથ હૈ, ઉલઝા હુઆ સા કુછ,**
**ફુરસત ને આજ ઘર કો સજાયા કુછ ઇસ તરહ,**
**હર શય સે મુસ્કુરાતા હૈ, રોતા હુઆ સા કુછ.**

-નિદા ફાઝલી

- jayuoza@gmail.com,
Mo.9898046488

# આનંદની કોઇ સેટ ફોર્મ્યુલા નથી હોતી




જિંદગીનો મૂળ સ્વભાવ આપીને આનંદ કરવાનો છે. વહેચીને સુખ મેળવવાનો છે. જીવન જેમ તેમ અને આડુ અવળું જીવવાની વસ્તુ નથી. જીવન એક મધુર સંગીત છે. એમાંથી સકારાત્મક સૂર નીકળતા રહેવા જોઈએ. બાહ્ય વર્તણૂંકો તો પડદો ખૂલ્યા બાદ મંચ ઉપર દેખાતા નાટકની કલા માત્ર છે. મૂળ વાત તો પડદા પાછળ અંતરમનની ઉદારતા છે. વ્યક્તિ હંમેશા પોતાના માટે મથતો રહે છે. પોતાના દરેક કાર્યોનાં કેન્દ્રમાં બાળકો, પત્ની, માતા-પિતા, સંબંધીઓ રહેતા હોય છે. સ્વકેન્દ્રીને બીજાને આપવાના અદભુત આનંદનો અંદાજ હોતો નથી.

બીજાને આપવાનો અને બીજા સાથે વહેંચવાના આનંદની વાત બુધ્ધે સરસ દ્રષ્ટાંત સાથે સમજાવી છે. એકવાર બુધ્ધ પાસે અત્યંત ગરીબ વ્યક્તિ આવ્યો અને કહ્યું, 'હું આટલો બધો ગરીબ કેમ છું ? મને પૈસાની આટલી બધી તકલીફ કેમ પડે છે ?' બુધ્ધે એને કહ્યું, 'તારી ગરીબીનું કારણ છે, તું લોકોને તારી પાસે જે છે એ વહેંચતો નથી. તું ઉદાર નથી.'

પેલો વ્યક્તિ તો બુધ્ધનો આ જવાબ સાંભળી ચકીત થઈ ગયો. એણે કહ્યું, 'તમે ગજબ વ્યક્તિ છો. મારી પાસે ખાવાના કે પહેરવા-ઓઢવાના પણ પૈસા નથી અને તમે કહો છો કે હું દાન કરું ? ઉદાર બનું ? કેવી રીતે આ શક્ય છે ?'

બુધ્ધે એને કહ્યું, 'કોણે કહ્યું તારી પાસે કશું નથી. તારી પાસે પાંચ કિંમતી રત્નો છે. જેને તું છૂટથી બીજા સાથે વહેંચી શકે છે. ઉદારતાથી લોકોને આપી શકે છે. પેલા વ્યક્તિને વધુ આશ્ચર્ય થયું. પાંચ એવા તો કયા રત્નો મારી પાસે છે કે, જે બીજા સાથે વહેંચી શકું. એ શૂન્ય મનસ્ક બુધ્ધ સામે તાકી રહ્યો.



પ્રથમ રત્ન વિશે બુધ્ધે સમજ આપતાં કહ્યું કે, તારી નહીં કોઈ પણ વ્યક્તિ પાસે સૌથી પહેલું અને કિમતી રત્ન છે. નિર્મળ સ્મિત. નિર્દોષ હાસ્ય. લોકો સાથે સરસ મઝાનુ સ્મિત છુટથી વહેંચવાનું શરૂ કરવામાં કંજુસાઇ ન કરવી. આની કોઈ કિંમત નથી છતાં અત્યંત મુલ્યવાન છે. સ્મિતથી સકારાત્મક ઊર્જા ઊભી થાય છે. આસપાસ હકારાત્મક વાતાવરણની પરિધિનું નિર્માણ આપોઆપ તહવા લાગે છે. મન અને હૃદય પુલકિત થવા લાગે છે.

આંખ વ્યક્તિનું બીજું અણમોલ રત્ન છે. કશું પણ બોલ્યા વગર સ્નેહાળ નજરે બીજાને જોવાથી એક અણદીઠો અદભુત આનંદનો અલંકાર સર્જાય છે. એ જ પ્રમાણે જીભ વ્યક્તિ પાસેનું ત્રીજું કિંમતી રત્ન છે. સામેવાળી વ્યક્તિમાં ઊર્જા ભરી દે એવા મધુર શબ્દો બોલાય ત્યારે આજુબાજુનો માહોલ મસ્ત બની જાય છે. સકારાત્મક શબ્દોના વિચારો ઉદાર હાથે વહેંચવાથી એની સુંદર પોઝીટીવ ચેનલ ઉભી થઇ જાય છે.

બુધ કહે છે, ચોથું કિંમતી રત્ન વ્યક્તિનું હૃદય છે. જેમાં એ બીજા માટે સુખ, આનંદ અને પ્રગતિ માટે દુઆ કરી શકે. હૃદયમાંથી ઉગેલી સાચી દુઆ છૂટથી લોકોમાં વહેંચવાથી સમસ્ત સમાજમાં સૌના માટે શુભચિંતનની ચેતના ઉજાગર થાય છે. છેલ્લું સૌથી મહત્વનું કિંમતી રત્ન વ્યકિતનું શરીર છે. જેના દ્વારા એ બીજાને કામ આવી શકે છે. બીજાની મુશ્કેલીમાં એની પડખે ઊભો રહી શકે છે.

સામાન્ય રીતે પૈસા હોય તો જ બીજાને મદદ કરી શકાય એવો ખ્યાલ હોય છે. પરંતુ પૈસા હોય તો ભીખ આપી શકાય. ભીખ પાંચ રૂપિયાની હોય, પાંચ લાખની હોય કે પછી પાંચ કરોડની પણ હોય. ભીખ એ ઉદારતા અને સુખ વહેચવાનુ સાધન નથી. કદાચ ભીખ પોતાની સધ્ધરતા સિધ્ધ કરવાનો અહંકારી આનંદ પણ હોઈ શકે. એક સ્નેહાળ સ્પર્ષ, નિર્દોષ સ્મિત, ઊર્જાસભર શબ્દોની મદદ કદાચ જીવનભર યાદ રહી જાય છે. આવી વર્તણૂક અનન્ય આનંદ આપતો રહે છે.

એવું પણ નથી કે પૈસા જરૂરી નથી. જીવન જીવવા અને આર્થિક વ્યવહારો સાચવવા નાણાં ચોક્કસ અગત્યના છે પરંતુ એ પણ એટલું જ અગત્યનું છે કે પાસે કશું ન હોય, ખીસ્સા ખાલી હોય તો પણ આપણી ક્ષમતા અનુસાર જીવનનો નાના સરખો ટૂકડો અવશ્ય બદલી શકીએ. 'વોલેટ' (પાકીટ) કરતાં 'વીલ' (ઈચ્છા)માં સાચી અમીરીનો અહેસાસ થાય એ જ ખરો આનંદ છે.

**ધબકાર :**
આનંદની કોઈ સેટ ફોર્મ્યુલા નથી હોતી.